A COMPLETE GLOSSARY

OF

All the difficult Words Phrases & Idioms

OCCURRING IN

ROYAL READER No. III.

TOGETHER WITH

A Literal Translation of First (17) pages.

FOURTH EDITION

Registered under Act XXV of 1867.

BOMBAY

PRINTED AT THE

ANGLO-JEWISH & VERNACULAR PRESS

(Opposite Musjid Bunder Railway Station).

A. D. 1888.

PRICE 10 ANNAS. કીંમત દશ આના.

Co, con, passing into col, cor, = together.
Contra = against.
De = down.
Dis, di, dif = asunder, apart.
Ex, or e, passing into ec, ef = from, out of.
Extra, = without, beyond.
In, passing into ig, il, im, ir, = in, on, down.
Inter = in the midst, between.
Intro = within.
Juxta = by the side of, close to.
Ob, having the various forms of oc, of, o, op, os = in the way of, before.
Per = through.
Post = behind, after.
Pre = before.
Præter = except, unless, besides.
Pro = forward.
Re = back.
Retro = backwards, behind
Se = aside, apart.
Sine = without.
Sub, passing into suc, suf, sug, sum, sus, sup, su = under, below.
Subter = below, underneath.
Super, passing into sur = above, over.
Trans, tra = beyond.
Ultra = beyond, farther.

ROYAL READERS No. III.

THE SNAIL ON THE WALL.

Snail, n. (સ્નેલ) ગોકળગાય, A slow-creeping animal, a drone.
Ails. v. (એઇલ્ઝ) દુઃખ થાયછે, Is wrong with.
Lad, n. (લૅડ) છોકરો, A young man or boy.
Dame, n. (ડેમ) ઘરડી સ્ત્રી, ડોસી, An old woman. L. domina the mistress of a family.
Poem, n. (પોએમ) કવિતા, કાવ્ય, A piece of poetry. L. poieo to make.
To learn, pr. infi. (ટુ લર્ન) મોહોડે કરવાને, To get by heart.
Prize, n, (પ્રાઇઝ) ઇનામ, બક્ષીસ, A reward. L. pretium, prize.
Master, n. (માસ્ટર) ગુરૂ, શિક્ષક, A teacher, an instructor.
Sad, a. (સૅડ) દલગીરી ભરેલા, Grievous, sorrowful.
Tone, n. (ટોન) અવાજ, સાદ, Voice, L. tonus a sound.
Mind. v. (માઇન્ડ) લક્ષ આપવું. ધ્યાન આપવું. To attend to, to heed. L. mens, the mind.
Friend, n. (ફ્રેન્ડ) મિત્ર, A well-wisher, a companion.
Hard, a. (હાર્ડ) કઠણ, ભારી, અઘરા, Not easy to learn.
Like, v. (લાઇક) ચાહું છું. Wish.
Laugh at me, મારી મસ્કરી કરેછે. Ridicule me.
Voice, n. (વૅાઇસ) અવાજ. સાદ Sound emitted by the mouth, L. vox, vioce.
In a kind voice, ધીરા અવાજે, In a slow tone.

Watch, v. (ઉવૅાચ) તપાસીને જોવું, To look with attention.

It will get to the top in time, તે વખત સર મથાળે જઇ પુગશે. It will reach the upper part of a wall in a certain time.

Gain, v. (ગેન) મેળવવું, Win.

In the end, છેવટે, At length, at last.

When you are like to lose heart, જ્યારે તમને નાહીમ્મત થઇ જ્યાનો સંભવ હોયછે. When you are likely to lose courage or fortitude.

She went on her way, તેણી પોતાને રસ્તે ચાલી ગઇ.

Thought, v. (થૅાટ) વિચાર કર્યો, Considered, supposed.

He could not keep up with the boys. તે છોકરાઓની બરાબરી કરી શકશે નહીં.

Resolved, v (રિઝૅાલ્વ્ડ) નિશ્ચય કીધો, Made up his mind. L. re, back and solvo I loose.

Task, n. (ટાસ્ક) પાઠ, ધડો. Lesson.

To repeat, pr. infi. (ટુ રિપિટ) બોલી જવું, To recite, L. re and peto, I seek.

Had recited. v. (હૅડ રીસાઇટેડ) બોલી ગયા, Repeated aloud. L. re and cito, I call.

Turn, n. (ટર્ન) વારી, વારો. A successive course.

Miss, v. (મિસ) છોડી દેવું. Omit.

Rest, n. (રેસ્ટ) બાકીના, Others. L. re and sto, I stand.

To crawl, pr. infi. (ટુ ક્રૅાલ) પેટે ચાલવું, To creep.

Bit by bit, ધીરે ધીરે, આસ્તે, આસ્તે, Gradually, by degrees.

Give up, (ગિવ અપ) છોડી દેવું. Quit, abandon.

Cheer, n. (ચીઅર) ખુશાલીનો પોકાર, Acclamation.
Rang, v. (રૅંગ) ગાજી રહ્યું, Resounded.
Glad, a. (ગ્લૅડ) ખુશી, Cheerful, happy.

ઘરડી બાઈ બેલ કે જે પોતાના ઘરની પછવાડેની દેવાલની નજદીક બેઠી હતી તેણીએ કહ્યું કે "છોકરા, તુંને શું દુઃખ છે?" તેણે (છોકરાએ) પોતાના હાથમાં એક ચોપડી પકડેલી હતી અને તેની આંખમાં આંસુ હતાં તે છોકરો કે જેનું નામ ટૉમ બ્લેર હતું તેણે કહ્યું "હમો સઘળાને "લીટલ જિમ" (નાનો જિમ) નામની એક કવિતા મહોડે કરવા આપીછે અને જે સૌથી સરસ બોલશે તેને શિક્ષક ઈનામ આપશે. પણ મને લાગતું નથી કે હું તે કરી શકીશ" તે ઘરડી બાઈએ કહ્યું "શા સારૂ નહીં કરી શકશે?" ટૉમે દલગીરી ભરેલા અવાજે કહ્યું "છોકરાઓ કહેછે કે હું કરી શકીશ નહી, અને તે કરવાની પ્રયત્ન કરવાની જરૂર નથી."

તેની સહીએ કહ્યું, "છોકરાઓ જે કાંઈ કહે તેપર ધ્યાન ના આપ. તું તે કરી શકશે તે તેમને જોવાં દે." પણ ટૉમે કહ્યું "તે એટલી તો લાંબીછે અને કેટલાક બોલો એટલા તો અઘરા છે કે મને લાગતું નથી કે તે હું કરી સકીશ. હું જાણુંછું કે ઈનામને સારૂ મારે કોશેશ કરવાની જરૂર નથી. પણ જેમ મારાથી બની શકે તેમ તે કવિતા શિખવાને હું ચાહુંછું; કારણ કે છોકરાઓ મારી મજાક કરેછે અને મને ધીમો ટૉમ કરી કહેછે."

તે ઘરડી બાઇએ નમ્રતાઈથી કહ્યું "ઠીક, પ્યારા, જો તું તેઓ કહેછે તેમ ધીમો હોય અને તેનો ઉપાય નહીં કરી શકતો હોય તો, તારે ધીમો અને ચોકશ થવાની કોશેશ કરવી. દેવાલપરની પેલી ગોકળગાય તરફ જો; તે કેટલી ધીમી છે! અને તોપણ જો તું તપાસીને તેને જોશે તો તુંને માલમ પડશે કે તે વખતસર મથાળે જઈ પુગશે તેટલા સારૂં દરરોજ થોડી થોડી લીટીઓ મહોડે કરવાની માત્ર કોશેશ કર અને તું આખરે ઈ-

નામ મેળવવામાં ફતેહ પામશે. અને જ્યારે તુંને નાહિમ્મત થઇ જવાનો સંભવ હોય, ત્યારે ભીંતપરની ગોકળગાય વિશે વિચાર કરજે."

જ્યારે ધરડી બાઈ બેલે આ પ્રમાણે કહ્યું, ત્યારે તે પોતાને માર્ગે ચાલી ગઈ ટૉમે વિચાર્યું કે જો કે તે છોકરાઓની સાથે ચાલી નહીં શકે (છોકરાઓની બરાબર કરી નહીં શકે) તોબી તે ગોકળગાયની સાથે સરત રમી શકે. તેટલા સારૂ જેટલા વખતમાં તે ગોકળગાય તે દેવાળને મથાળે જઈ પુગે તેટલા વખતમાં તેણે પોતાનો પાઠ શિખવાની કોશેશ કરવાનો ઠરાવ કીધો.

જે દહાડે તે શિક્ષક ઇનામ આપવાનો હતો તે દહાડો આખરે આવ્યો, અને તેણે તે કવિતા બોલવાને તે છોકરાઓને કહ્યું.

જ્યારે પાંચ કે છ (છોકરાઓ) બોલી ગયા, ત્યારે ટૉમની (બોલવાની) વારી આવી. જ્યારે તે ઉઠયો ત્યારે હસવાનું શરૂ થયું; કારણકે ઘણા ખરા છોકરાઓએ ધાર્યું હતું કે તે નિષ્ફળ થશે. પણ તેણે એક બોલબી મુંકી દીધો નહીં, અને જ્યારે શિક્ષકે "ટૉમ બ્લેર, તેં ઠીક કીધુંછે" એમ કહ્યું, ત્યારે તેનું અંતઃકરણ ખુશીથી ભરપુર થયું.

જ્યારે તે વર્ગમાંના બાકી રહેલા છોકરાઓ બોલી રહયા, ત્યારે તે શિક્ષકે કહ્યુ કે ટૉમે પોતાનો પાઠ સૌથી સરસ રીતે કીધોછે, અને તેણે તેને તે ઇનામ આપ્યું.

તે શિક્ષકે કહ્યું "તે કવિતા આવી સરસ રીતે શી રીતે શિખ્યો તે મને હમણા કહે."

ટૉમે કહયું, "મેહેરબાન સાહેબ, તે (કવિતા) કેવી રીતે કરવી તે મને ભીંતપરની ગોકળગાયે શિખવ્યું."

જ્યારે ટૉમે આ કહ્યું, ત્યારે મોટે સાદે હસવાનું શરૂ થયું. પણ તે શિક્ષકે કહયું "છોકરાઓ તમારે હસવું નહીં જોઇએ; કારણકે આવી ગોકળગાયો પાસે આપણે ઘણું શિખી સકીએ,—ટૉમ, તે ગોકળગાયે તુંને શી રીતે શિખવ્યું?"

"મેહેરબાન સાહેબ, મેં તે ગોકળગાયને આસ્તે આસ્તે

તે ભીંતપર પેટે ચાલતાં જોઈ. તે ઉભી નહીં રહી કે પાછું ફરીને જોયું નહી, પણ આગળ ને આગળ ચાલ્યાજ કીધી. અને મેં વિચાર્યું કે હુંબી મારો પાઠ તેજ રીતે કરીશ. તેથી મેં મારો પાઠ આસ્તે આસ્તે કીધો અને તે છોડી દીધો નહી. અને જે વખતે તે ગોકળગાય ભીંતને મથાળે જઈ પુગી તે વખતે મેં તે સઘળો પુરો કીધો.

તે શિક્ષકે કહ્યું "ટૉમ તેં ઠીક કર્યું.— છોકરાઓ હવે ચાલો આપણે ટૉમ બ્લેર અને ભીંત પરની ગોકળગાયને સારૂ ખુશાલીનો પોકાર કરીએ" અને તે જુનું ઘર ખુશાલીના એક મોટા લાંબા પોકારથી ગાજી રહ્યું કારણકે આખરે ધીરા ટૉમે ઇનામ મેળવ્યું તેથી સઘળા ખુશી હતા.

LITTLE JIM.

Cottage, n. (કૉટેજ) ઝુંપડું, Cot, hut.

Thatched, a. (થૅચ્ડ) છાપરું. Covered with a straw or thatch.

Mean, a. (મીન) હલકું. ધિક્કારવા જોગ, Humble, mean, contemptible.

Wondrous, ad. (ઉવન્ડ્રસ) અજાએબ જેવી રીતે. Causing wonder.

Neat, a. (નીટ) સ્વચ્છ, ચોખ્ખું, Tidy, pure, elegant.

Stormy, a (સ્ટૉર્મી) તોફાની. Tempestuous.

Howling, pr p. (હાઉલિંગ) ભયંકર પોકાર કરતો. Making a loud dreary sound.

Wild, ad. (ઉવાઈલ્ડ) જુસ્સા ભરેલી રીતે. Disorderly, capriciously.

Patient, a. (પેશન્ટ) ધીરજવાલી. Bearing much without grumble. L. patior, I suffer.

Knelt, v. (નેલ્ટ) ગુડણીએ પડી. Bent on her knees.
Beside, prep. (બીસાઇડ) By the side of.
Death-bed, n. (ડેથબેડ) મરણ પામવાની પથારી, માંદા માણસની પથારી. The bed on which a person dies or to which he is confined in his last sickness,
Worn out, (વૉર્ન આઉટ) ઘસઇ ગયેલું, તવાઈ ગયેલું. Lean, wasted.
Creature, n. (ક્રીચર) પ્રાણી, A being. L. creo, to create.
Dim, a. (ડિમ) ઝાંખી, Dull, dusky.
Collier, n. (કૉલીઅર) કોલસા ખોદનારો, One who works in a coal mine.
Briny, n. (બ્રાઇની) ખારાં. Salt, like sea-water,
Fast hurrying down her cheek. તેણીના ગાલ ઉપર ધારાઓ પડતી હતી.
Offered up a prayer, ઇશ્વર પ્રાર્થના કીધી. Prayed. L. ob and fero I bear ; and precor, I pray.
In thought, મનમાં, In the mind, without speaking.
Was afraid, (વૉઝ અફ્રેડ)) ડરતી હતી. Terrified.
Lest, conj. (લેસ્ટ) રખેને. That not, for fear that.
Might waken. v. (માઇટ વેકન) જગાડે, Might rouse from sleep.
Far better than her life, પોતાની જીંદગી કરતાં ઘણુંજ વધારે વાહાલું.
Love, n. (લવ) પ્રીતી, પ્યાર, Ardent affection.
Uplifted, pt. p. (અપ લિફ્ટેડ) ઉંચે કરીને. Raised high.

Sufferer, n. (સફરર) દુઃખી માણસ, આજારી માણસ, One who suffers or endures pain. L. sub and fero I bear.
Spare. v. (સ્પેર) બચાવવું, રક્ષણ કરવું. Protect or keep safe.
Instead, ad. (ઇનસ્ટેડ) બદલે, In place of. L. in and sto I stand.
Soft, a. (સૉફ્ટ) આસ્તેથી. Slowly.
Angels, n. (એન્જલસ) દેવ દુતો, ફરેસ્તાઓ. Celestial spirits. L. angelus. a messenger.
Beckon, v. (બેકન) આંગળીએ ઇશારત કરવી. Call by a wave of the hand.
Moisten, v. (મૉઇસન) ભીંજવવું. Make wet.
Gentle, v. (જેન્ટલ) ધીમું. Slow. L. gens, gentis, a race.
Trembling, pr. p. (ટ્રેમ્બલીંગ) ધ્રુજતી, Shaking. L. tremo, I tremble.
Tiny, a. (ટાઇની) નાહાનાં, Little, small.
Sips, n. (સિપ્સ) ગુટડા, Small draughts.
Had uttered, v. (હૅડ અટર્ડ) બોલ્યો હતો. Had spoken.
Might hope, v. (માઇટ હોપ) આશા રાખે. Might expect.
Step, n. (સ્ટેપ) પગલું. A pace,
Candle, n. (કૅન્ડલ) મીણબત્તી. A light made of tallow or wax, torch. L. candeo to shine.
Quivering, pr. p. (ક્વીવરીંગ) ધ્રુજતા. Trembling, shaking.
Token, n. (ટોકન) નિશાની, Sign, proof.
Grief, n. (ગ્રીફ) દલગીરી, શોક, ગમગીની. Sorrow, sad-

ness. L. gravis, heavy.
Fain, ad. (ફેન) ખુશીથી, Gladly.
Conceal, v. (કનસીલ) છુપાવવું, To hide. L. con and celo I hide.
Has joined, v. (હૅઝ જૉઇન્ડ) સાથે મળીછે, Has united. L. jungo, I join.
Stricken, a. (સ્ટ્રિકન) દલગીરીથી નરમ થઇ ગયેલું. Bowed down with grief.
Couple, n. (કપલ) જોડું, Pair, a man and his wife. L. copula, a joint.
Hearts, n (હાર્ટસ) અંતઃકરણ. The seat or source of life.
Sadness, n. (સૅડનેસ) દલગીરી, શોક. Sorrow, grief.
Humbly, ad. (હમ્બલી) નમ્રતાઇથી, નરમાસથી. With humility L. humus the ground.
Heaven, n. (હેવન) સ્વર્ગ, બેહેસ્ત, કૈલાસ, The mansion or abode of God and his angels

તે ઝૂપડી ઝાવલીના છાપરાંવાળી હતી, અને જોકે બહારનો ભાગ જુનો અને હલકો દેખાવ આપતો હતો, તોપણ તે ઝુપડીની અંદર દરેક ચીજ અજાએબ જેવી રીતે સાફ અને સ્વચ્છ હતી.

રાત અંધારી અને તોફાની હતી, ભયંકાર મોટો પોકાર કરતો પવન ફુકતો હતો; એક સબુરીવાળી મા પોતાના છોકરાના મોતના બીછાના પાસે ગુઠણ મંડીને પડી હતી.

(તે) એક નાનાં તવાઈ ગયલાં પ્રાણી (જેવો માલમ પડતો હતો)—તેની એક વખત ચળકતી આંખો ઝાંખી થઇ ગઇ હતી; તે કોલસા ખોદનારાનો માત્ર એક પૂરો છોકરો હતો, તેઓ તેને નાના જીમના નામથી બોલાવતાં હતાં.

એક (જણ) કે જેને તે પોતાના જીવ કરતાં વધારે ચ-

હાતી હતી, તે રએને જાગી ઉઠે તેને સારૂ બોલવાને બીહીતી હતી તેથી તે જ્યારે મનમાં બંદગી કરતી હતી, ત્યારે તેણીના ગાલ ઉપરથી થઈ ને કેવાં ઝડપથી ખારાં આંસુઓ નિચે પડતાં હતાં, તે જોવું અરે કેવું દલગીરી ભરેલું હતું, કારણકે તે ગરીબ કોલસા ખોદનારની બાઇડીમાં એક માના જેવો સઘળો પ્યાર સમાયલો હતો.

જુઓ, તે (પોતાના) હાથ ઊંચે કરીને તે આજારી (છોકરા) ના બીછાના પાસ ગુઠણુ મંડીને બેસેછે; અને બંદગી કરેછે કે તે (ઇશ્વર) તેણીના છોકરાને બચાવે અને તેના બદલાંમાં તેણીનો જીવ લીએ.

તે છોકરા પાસેથી તેણીને જવાબ મળેછે; ધીમેથી આ શબ્દો તેણે કહ્યા; "મા, ફરેસ્તાઓ હસેછે, અને નાના જીમને ઇશારતથી તેડેછે." "પ્યારી મા મને હમણા દુઃખ થતું નથી; પણ અરે હું ઘણો સુકાઇ ગયોછું! (તેથી) ગરીબ જીમના હોઠો ફરીથી માત્ર ભીનવ, અને મા તું રડ ના"

તેણીએ ઝડપથી ધ્રુજતી ધ્રુજતી હલવે રહીને તેના હોઠો આગલ ચાનું પ્યાલું ધર્યું; જ્યારે તેણે ત્રણ ઘણા નાના ગોટ પીધા ત્યારે તેણીનો ઉપકાર માનવાને તે હસ્યો.

"જ્યારે બાપ કામપરથી આવે ત્યારે મેં તેને સલામ કહી તે કહેજે; અને મા હવે હું સુવાને જઇશ" અફસોસ બાપડા નાના જીમ!

તેણીએ જોયું કે તે મરતો હતો જે છોકરાને તે આટલી બધી ચહાતી હતી તે છોકરો જે છેલા બોલો તેણી કદી સાંભળવાની આશા રાખે તે બોલો બોલ્યો હતો.

તે ઝુપડીનું બારણું ઉઘડયું, કોલસા ખોદનારાનું પગલું સંભળાયું તે મા અને તે બાપ મલ્યાં, પણ બનેમાનું એકબી એક શબ્દ બોલ્યું નહીં.

તેણેજાણ્યું કે સઘળું થઈ ચુકું હતું, તેણે જાણ્યું કે તેનો છોકરો મરણ પામ્યો હતો; તેણે પોતાના હાથમાં બતી લીધી.

અને તે બીછાના તરફ ચાલ્યો.

તેના ધુજતા હોઠોપર ગમ કે જે તે છુપાવાને ખુશી હતો તેની નિશાની જણાતી હતી; અને જુઓ, તેની બાઇડી તેની સાથે મલીછે.—દલગીરીથી આજેજ થયલું જોડું ગુંઠણ મંડીને બેસેછે.

દલગીરીથી નરમ થયલાં દીલથી તેઓએ તેઓના (પોતાના) બાપડા નાના જીમને એક વખત ફરીથી સ્વર્ગમાં મળવાને તેની (ઇશ્વરની) પાસે આજીજીથી અરજ કીધી.

:o:

THE TEA-FARMER.

Tea-Farmer, n. (ટિ ફારમર) ચાના છોડ ઉગાડનાર ખેડુત. A man who grows a great many plants.

Country, n. (કન્ટ્રી) દેશ, મુલક. Region. L. con and terra, the earth.

In the olden time, અસલના વખતમાં, અસલના જમાનામાં. In ancient times.

People, n. (પીપલ) લોકો. Persons in general. L. populus the people.

Used to drink ale, એલ નામનો દારૂ પીવાની ટેવ પડી હતી. Accustomed to drink ale.

Sweet, a. (સ્વીટ) મીઠો. Having the taste of honey or sugar.

Mead, n. (મીડ) એક જાતનો મીઠો દારૂ. A sweet kind of wine made of honey and water.

Tankards, n. (ટૅનકાડૅસ) મોટા સીસા. કાસીઆ. Large drinking cans.

Breakfast, n. (બ્રેકફાસ્ટ) સવારનો નાસ્તો અથવા ખાનું. The first meal in the day.

Stood, v. (સ્ટુડ) મુકવામાં આવતા. Were placed.
Treat, n. (ટ્રિટ) ભેટ. બક્ષીસ, સોગાદ. Present. L. traho I draw.
Strewed, v. (સ્ત્રૂડ) પાથર્યા. Spread or scattered loosely.
Bacon, n. (બેકન) ડુક્કરનું માંસ. Swine's flesh salted or pickled.
Dinner, n. (ડીનર) બપોરનું ખાનું. The meal taken about the middle of the day.
Pound, n. (પાઊન્ડ) રતલ, A standard weight consisting of sixteen ounces avoirdupois. L. pondus a weight.
Cheap, a. (ચીપ) સસ્તું. To be had at a low rate.
Can enjoy, v. (કૅન ઍન્જૉય) ભોગવી શકે, ખરીદ કરી શકે. Can take pleasure or satisfaction,
Plentifully, ad. (પ્લૅન્ટિફુલી) પુષ્કળ. In great abundance. L. plenus, full.
Visitor, n. (વિઝિટર) મળવા આવનાર. One who visits a neighbour or friend. L. video I see.
Servant, n. (સરવન્ટ) ચાકર. An attendant. L. servio, I serve.
Cottager, n. (કૉટેજર) ઝુંપડીમાં વસનાર. One who lives in a cottage or hut.
Clothing, n. (ક્લોધિંગ) કપડાં. Clothes, garments.
Family, n. (ફૅમિલી) કુટુંબ. Household. L. familia, a family.
Grows, v. (ગ્રોઝ) ઉગાડેછે. Causes to grow. produces.
Ready, a. (રેડી) તૈયાર. Prepared.
Farmer, n. (ફારમર) ખેડુત. Husbandman.

To be gathered, એકઠા કરવાને. To be collected.
Busy, a. (બીઝી) ઉદ્યોગી. Industrious, earnestly diligent.
Pull off, v. (પુલ ઑફ) તોડેછે Pluck.
Baskets, n. (બાસ્કેટસ) ટોપલીઓ, Vessels made of twigs.
Pans, n. (પૅન્સ) કઢાઇઓ, પેણાઓ. A kind of vessels of various metals.
Keep turning them about, તેમને ઉપર નીચે ફેરવ ફેરવ કર્યા કરેછે.
Tocrack, pr. inf. (ટુ ક્રૅક) કકરાં થયા, To break in chinks.
Work-people, n. (ઉવર્ક-પીપલ) મજુરો, કારીગરો Labourers, workmen.
Roll, v. (રોલ) ગોળ વિંટાલેછે. Enwrap.
Press, v. (પ્રેસ) દાબી કાઢેછે, નીચોવેછે. Squeeze, enforce. L. premo I press.
Juice, n. (જુસ) રસ. The sap of vegetables.
To curl, pr. infi. (ટુ કર્લ) ગુચ્છા વળવા, ગોટા વળવા. To shink into ringlets.
To twist, pr. infi. (ટુ ટ્વિસ્ટ) આમળા દેવા. To enwrap to encircle.
Picks out, v. (પીક્સ આઉટ) ચુંટી કાઢેછે. Selects.
Market, n. (મારકેટ) બજાર, ચૌટું. A public place in a city or town where provisions are exposed to sale.
Marching off (માર્ચિંગ ઑફ) જતાં Going to.
Chest, n. (ચેસ્ટ) પેટી A large close box or coffer.
Slung, pt. p. (સ્લંગ) લટકાવેલું. Hung.

Shoulder, n. (શોલ્ડર) ખભું. The joint by which the arm of a human being is connected with the body.
Pole, n. (પોલ) લાકડી . A long staff.
Bamboo, n. (બાંબુ) વાંસ. The stem of a tall strong reed.
Merchant, n. (મર્ચંટ) વેપારી. One who deals in the purchase and sale of goods. L. merx, merchandise.
Offers, v. (ઑફર્સ) આપેછે. Give. L. ob in the way and fero I bear.
Consists of, v. (કન્સીસ્ટ્સ) હોયછે. Is made of. L. con and sto. to stand.
Coins, n. (કૉઇન્સ) સીક્કાઓ. Pieces of stamped metal, money. L. cuneus, a wedge.
Value, n. (વૅલ્યુ) કીમ્મત. Price. L. valio I am strong.
Sum, n. (સમ) રકમ. A quantity of money.

એક વખત આપણા દેશમાં મુદલ ચા હતી નહીં. અગાઉનાં વખતમાં ઇંગ્લાંડમાં લોકો એલ દારૂ અને એક જાતનો મીઠો દ્રાક્ષનો દારૂ જેને " મીડ " કરી કહેતા હતા તે પીતાં હતાં. ખાનાની ટેબલપર એલ દારૂના મોટા કાંસીઆઓ મુકવામાં આવતાં હતાં. હમણા આપણે ચા અને કાફી વાપરીએ છીએ.

જ્યારે ઇંગ્લાંડમાં પેહેલ વહેલી ચા દાખલ થઇ હતી, ત્યારે એક ઘરડા માણસ અને ઘરડી બાઇ ઉપર થોડીક (ચા) મોટી મોજની ચીજ દાખલ ભેટ આવી હતી. પણ જ્યારે તે તેઓ પાસે હતી ત્યારે તે કેવી રીતે ઉપયોગમાં લેવી તે તેઓ જાણતાં હતાં નહીં. આખરે તેઓએ તે પાંદડાં ઉકાળ્યા, અને જે સુકવેલાં ડુક્કરના માંશનો કકડો તેઓ બપોરના ખાનાપર ખાવાનાં હતાં

તેનીપર તે પાથર્યાં. તેઓએ તે પાંદડાં ખાધા, અને ચા બહાર નાંખી દીધી !

તે વખતે એક રતલ ચાના એટલા બધા પૈસા પડતા હતા કે માત્ર તવંગર માણસોજ તે ખરીદ કરી શકતા હતા. હમણા તે એટલી તો સસતી છે કે ગરીબમાં ગરીબજી તેની મોજ ભોગવી શકેછે.

ચા એક છોડવાનું પાંદડું છે કે જે ચીન, જાપાન, અને બીજા પૂર્વ તરફના ભાગોમાં ઉગેછે, ચીનાઓ પોતાની ચા દુધ અથવા ખાંડ નાંખ્યા વગર પીએ છે. જ્યારે ઘરમાં કોઈ મુલાકાતને વાસ્તે આવેછે ત્યારે એક ચાકર હમેશાં તેની આગળ ચાનું એક પ્યાલું લાવેછે.

ચીનમાં ઝુપડીમાં રહેનાર દરેક મણુસનો તેનો પોતાનો ચાનો નાનો બગીચો હોયછે, જેટલી ચાનો તેને ખપ નહીં હોય, તેટલી ચા તે વેચેછે, અને એ પ્રમાણે પોતાના કુટુંબને સારૂં ખોરાક અને કપડાં ખરીદી શકેછે.

જ્યારે એક માણસ પાસે જમીનનો એક મોટો કકડો હોયછે, અને ઘણા સરખા ચાના છોડ ઉગાડેછે, ત્યારે તેને ચા છોડ ઉગાડનાર ખેડુત કરી કહેછે.

જ્યારે ચાના પાંદડાં એકઠા કરવાને તૈયાર હોયછે. ત્યારે ખેડુત અને તેનાં કુટુંબનાં માણસો ઘણા કામમાં હોયછે, તેઓ તે પાંદડાં તોડેછે, અને તેને ટોપલીઓમાં નાંખેછે. જ્યારે ટોપલીઓ ભરાયછે, ત્યારે તેને ઘરમાં લઈ જાયછે.

તે પાંદડાં આતશ ઉપર લોઢાંની કઢાઇમાં સુકવેછે. સુકવતી વખતે તેને ઉપર નિચેથી ફેરવ ફેરવ કર્યા કરે છે, જેવાં તે કકરાં થવાને શરૂ થાયછે તેવાંજ તેને બહાર કાઢેછે અને એક મેજ ઉપર પાથરેછે. પછી મજુરો તે પોતાના હાથોની વચમાં લેઇને ગોળ વાલેછે, અને તેમાંથી તેઓથી જેટલો રસ દાબી કઢાય તેટલો સઘળો રસ દાબી કાઢેછે.

તે પાંદડાંઓને એક વખત પાછાં હવામાં સુકવ્યા પછી આતશ ઉપર કઢાઇમાં ફરીથી નાખવામાં આવેછે. ત્યા તેઓ ગોળ વલવા અને વળ ખાવા માંડેછે; અને છેલે તેઓને આપણે જેવાં આ દેશમાં જોઇએ છીએ તેવાં દેખાયછે.

પછી તે ખેડુત સૌથી સરસ પાંદડાં ચુંટી કાઢેછે. અને બજારમાં લઇ જવા સારૂ તેમને તૈયાર કરેછે. બાંબુની બનાવેલી લાકડી ઉપર ઓરવેલી અને પોતાની ખાંધ ઉપર લટકાવેલી ચાની પેટી સાથે તે શેહેરમાં જતો જણાયછે.

તે એક ચાના વેપારી પાસે જાયછે, અને તે ચાની પેટી વેચાતી આપવા માંગેછે. તે વેપારી તે (તપાસી) જોયછે, અને જો તેને તે સારી જણાયછે તો તે તે ખરીદેછે. પછી તે ખેડુત પોતાની ખાંધ ઉપર લટકાવેલા પૈસા સાથે પાછો ઘેર જાયછે. તેના પૈસા પીતલના સીક્કાઓની દોરીઓ હોયછે, કે જે એટલી તો ઓછી કીમતની હોયછે કે તેઓની ઘણી (સંખ્યા) ની માત્ર પૈસાની એક નાની રકમ થાયછે.

TIT FOR TAT.

Steps, n. (સ્ટેપ્સ) પાયેરી, પગથી, ફાડીંઆં, Footsteps.
Broom, n. (બ્રૂમ) સાવરણી, ઝાડુ A shrub having leafless pointed branches.
Butter, n. (બટર) માખણ. An oiley substance obtained from milk or cream by churning.
Kindly, ad. (કાઇન્ડલી) પ્રીતિથી, મેહેરબાની કરીને. Favourably.
Merrily, ad. (મેરિલી) આનંદથી, ખુશાલીમાં. In a happy way.
Humming, pr. p. (હમિંગ) મનમાં ગાવું, ગણગણવું. Singing without words.

Tune, n. (ટયુન) રાગ, તાલ. Harmony, order, melody.
Quietly, ad. (ક્વાયેટલી) શાંત રીતે. Silently. L. Quies, rest.
Pricked up v. (પ્રીકડઅપ) ઉભા કીધા. Raised up.
Wagged, v. (વૅગ્ડ) હીલવી. Moved, shook.
Held out, v. (હેલ્ડ આઉટ) ધરી રાખ્યું, પકડી રાખ્યું. Put forward.
Stretched out, v. (સ્ટ્રેચ્ડ આઉટ) લાંબુ કીધું. Extended. L. stringo to draw tight.
Hastily, ad. (હેસ્ટીલી) ઝડપથી, Quickly, speedily.
Drew back, પાછો ખેંચી લીધો. Pulled back.
Hit, v. (હીટ) માર્યો. Struck.
Hard, a. (હાર્ડ) સખત. Oppressive, severe.
Rap, n. (રૅપ) ફટકો. Blow.
Howling, pr. p. (હાઉલીંગ) બુમ પાડતો, Crying.
Dreadfully, ad. (ડ્રેડફુલી) ભયંકર રીતે. In a manner to be dreaded, terribly.
Cruel, a. (ક્રુઅલ) ઘાતકી, નીર્દય. Unkind, wicked. L. cruor blood.
Mischief, n. (મીસ્ચીફ) ઉપદ્રવ, કાવત્રું. A naughty trick. L. mis, bad and caput the head.
Gentleman, n. (જેન્ટલમૅન) ગૃહસ્થ, અસરાફ માણસ. A man of polite manners.
To cross, pr. infi. (ટુ ક્રૅસ) ઓળંગવું. To pass or move over.
Thumb, n. (થંબ) અંગુઠો. The first finger of the hand.
To seize, pr, infi. (ટુ સીઝ) પકડવાને. To lay hold of

Severe, a. (સીવીઅર) સખત, જોરમાં. Sharp, sore.
Knuckles, n. (નકલ્સ) આંગળીના સાંધાં, વેઢા. The joints of the fingers.
Roared out, v. (રોર્ડ આઉટ) બુમ પાડી ઉઠયો. Made a loud noise.
Bull, n. (બુલ) ગોધો. The masculine of cow.
Rubbing, pr. p. (રબિંગ) લુછીને. Scouring, chafing.
Hurt, v. (હર્ટ) દુઃખ આપવું. Injure.
Served, v. (સર્વ્ડ) ચાલ ચલાવી, વર્તયા, Did to, treated. L. servio I serve.
Remember, v. (રીમેમ્બર) યાદ રાખવું. Keep in mind. L. re, and memor, mindful.
Feel, v. (ફીલ) લાગેછે. Have perception by the touch.
To behave, pr, infi. (ટુ બીહેવ) વર્તવું, ચાલવું To conduct.
Dumb, n, (ડમ્બ) મુંગા Mute, unable to speak.
Animals, n. (ઍનિમલ્સ) પ્રાણીઓ. Creatures. L. anima, breath.
In future, ભવિષ્યમાં, હવે પછી. In time to come. L. futurus, future.

એક દીવસ એક છોકરો દરવાજાના ફાંડીઆં ઉપર બેઠો હતો. તેના એક હાથમાં સાવરણી અને બીજા હાથમાં રોટલીનો એક મોટો કકડો અને માખણ હતું, કે જે તેને કોઇએ તેની દયા ખાઇને આપ્યું હતું. જ્યારે તે તે ખાતો હતો, અને આનંદથી મનમાં એક રાગ ગાતો હતો, ત્યારે તેણે એક નાના કુતરાને પોતાથી થોડેક દૂર મુગો મુગો ઊંઘતો જોયો, તેણે તેને "અંહી આવ, ગરીબ દોસ્ત" એમ હાંક મારી બોલાવ્યો.

પોતાને માયાથી બોલાવતો સાંભળીને તે કુતરો ઉઠયો, પોતાના કાન ઉભા કીધા, અને પોતાની પુંછડી હીલવી તે છોકરાને ખાતો જોઇને તે તેની આગળ ગયો. તે છોકરાએ પોતાની રોટલી અને માખણુ તેની આગળ ધર્યું. જેવું તે કુતરાએ પોતાનું ડોકું તે લેવાને લાંબું કીધું, તેવોજ તે છોકરાએ ઝડપથી પોતાનો હાથ પાછો ખેંચી લીધો અને નાક ઉપર એક સખત ફટકો માર્યો. જ્યારે તે ઘાતકી છોકરો જે કાવતરૂં તેણે કીધું હતું તેને સારૂં હસતો બેઠો હતો. ત્યારે તે ગરીબ કુતરો ઘણીજ દુઃખ ભરેલી ચીચીઆરી પાડતો નાસી ગયો.

એક ગ્રહસ્થ કે જે એક બારીએથી તે મહોલ્લાની બીજી તરફનો દેખાવ જોતો હતો, તેણે તે દુષ્ટ છોકરાએ જે કાંઇ કીધું તે જોયું. મહોલ્લા તરફનું બારણું ઉઘાડીને તેણે તેને આગળ આવવા કહ્યું; "તેજ વખતે પોતાનાં આંગલાં અને અંગુઠાની વચ્ચે એક પાવલો ધરીને તે ગ્રહસ્થે કહ્યું "તુને આ ગમશે ?" તે છોકરાએ હસીને કહ્યું " હા, સાહેબ, જો તમારી મરજી હોય તો;" અને તે ઝડપથી દોડીને તે પૈસા લેવા ગયો. અને જેવા તેણે પોતાનો હાથ લાંબો કીધો તેવોજ, તે ગ્રહસ્થે જે નેતર પોતાની પછવાડે રાખી હતી તેનો એવોતો સખત ફટકો તેના ટાંચાં ઉપર પડયો કે તેણે એક ગોધાની માફક પોકાર માર્યો. ઘણું લાંબું મોહ કરીને અને પોતાનો હાથ ચોલીને તેણે કહ્યું " એ તમે શા સારૂં કીધું ? મેં કાંઇ તમને ઇજા કીધી નથી કે તમારી પાસે પાવલો માગ્યો નથી."

તે ગ્રહસ્થે કહ્યું "હમણાજ તે ગરીબ કુતરાએ તુંને શું ઇજા કીધી ? તેણે તુંને ઇજા કીધી નથી કે તારી પાસે રોટલી કે માખણુ માંગ્યું નથી. જેવી તેં તેની સાથે ચાલ ચલાવી તેવી મેં તારી સાથે ચાલ ચલાવી છે. હવે યાદ રાખજે કે જેવી રીતે છોકરાઓને લાગે તેવીજ રીતે કુતરાઓને લાગે, અને હવે પછી મુંગાં જનાવરો તરફ માયાથી વર્તવાને સિખજે."

PROVERBS.

Glitters, v. (ગ્લિટર્સ) ચળકેછે. Shines.
Command, v. (કમાન્ડ) વશ કરવું, દબાણમાં રાખવું. Restrain, curb. L. con and mando I order.
Needy, a (નીડી) તંગીમાં આવી પડેલો, ગરજવાન Necessitous.
Quarrel, n. (કવૅારલ) કજીઓ. Strife. L. Queror, to complain.
Number, n. (નમ્બર) સંખ્યા. Multitude. L. numerus, a number.
Perform, v. (પરફૉર્મ) પાળવું, બજાવવું. Fulfil, accomplish. L. per and forma a shape.
Tongue, n. (ટંગ) જીભ. The organ of speech.
To promise, pr. infi. (પ્રૉમીસ) વચન આપવું. To pledge. L. pro and mitto to send.
Company, n. (કમ્પની) સોબત, સંગત. Society. L. con and pagus a village or panis, bread.
Temper, n. (ટેમ્પર) સ્વભાવ, Nature, disposition. L. tempus, a portion cut off.
Slip, v. (સ્લિપ) લપસીજવું, સરીજવું. To glide.
Proverbs, n. (પ્રૉવર્બ્ઝ) કેહેવતો, Sayings. maxims. L. pro and verbum a word.
Elliptical, a. (ઈલિપ્ટિકલ) વાક્યમાં શબ્દ ઓછા આવે તે. Having a part omitted. Gr. ek, out and leipo to leave.

It takes two to make a quarrel. કજીઓ કરવાને બે માણસ જોઈએછે. બે હાથ વના તાળી પડે નહી, બે માણસ વગર કજીઓ થાય નહી.

All is not gold that glitters, જે સઘળું ચળકેછે તે કાંઈ સોનુ નથી (ઉજળું એટલું દુધ નહી, કાળા એટલા ભુતના સાળા નહી.)

Be slow to promise but quick to perform, વચન આપતી વખતે વિચાર કરજો, પણ તે પાળવાને (બજાવવાને) ઉતાવળા થજો.

A young man idle an old man needy, જુવાનીમાં આલસુ રેહેવાથી બુઢાપણામાં આપણે તંગીમાં આવી પડીએ છીએ.

Do what you ought, come what may, તમારે જે કરવું ઘટે તે કરો, પછી થવાનું હોય તે થાવો (તુમ તુમેરી સંભાળો મેં મેરી ફોડતા હું.)

Keep good company and be one of the number, સારી સોબત રાખો, અને સારા સોબતીઓમાંના એક થાવો.

Better to slip with the foot than with the tongue, જીભે લપસી જવું તેના કરતાં પગે લપસી જવું વધારે સારૂં છે; (થુંક્યા પછી ચાટવું નહી, બોલેલું વચન પાલવું.)

Command your temper, lest it command you, તમે જો તમારા સ્વભાવને વશ થશો, તો તે તમને વશ રાખશે.

THE HUMMING BIRD.

Shade. n. (શેડ) છાંયડો. Shadow, shelter.

Twigs, n. (ટ્વિગ્ઝ) ડાળીઓ, ડાંખળીઓ, Branches.

Nest, n. (નેસ્ટ) માળો. An abode of birds.

Swings, v. (સ્વિંગ્ઝ) હાલ્યા કરેછે. Moves, vibrates.

Light, a. (લાઇટ) હલકું, Airy, easy to be lifted.

Chiefly ,ad. (ચીફલી) મુખ્ય કરીને, વિશેષ કરીને.

Especially, principally. L, caput the head.

Moss, n. (મૅાસ) લીલ. A substance growing on trees, walls &c.

Down, n. (ડાઉન) રૂવાં, The soft hair under the feathers of birds.

Snug, a. (સ્નગ) સુખદાયક, Comfortable, neat, convenient.

Size, n. (સાઇઝ) કદ. Bulk.

Peas, n. (પીઝ) વટાણાના દાણા. A plant and its fruit much cultivated for food.

Snow, n. (સ્નો) બરફ. Watery particles congealed into white crystals or flakes in the air and falling to the earth.

Moment, n. (મોમેન્ટ) પળ. Minute, instant. L. moveo, I move.

Sip, n. (સિપ) ગુટકો, ગોટ. A small draught.

Lovely, a. (લવલી) રમણીય, અતિસુંદર, મનોહર. Delightful, pleasing.

Scent, v (સેન્ટ) ખુશબોદાર કરેછે. Fill with sweet smell. L. sentio to discern by the senses.

Yonder, ad. (યૅાન્ડર) પેલીગમ, ત્યાંહાં. At some distance.

Deep, a. (ડીપ) મોટું, વિશાળ. Vast.

Wood, n. (વુડ) જંગલ, મેદાન. Plain.

Strange, ad. (સ્ટ્રૅન્જ) અજાએબ જેવું. Wonderful, astonishing.

Shape, n. (શેપ) આકાર. Form.

Monkeys, n. (મંકીઝ) વાંદરા. Apes, baboons.

Butterflies, n. (બટરફ્લાઇઝ) પતંગીઆ. Beautiful winged insects.

Orchids, n. (ઑર્ચિડસ) એક જાતના ફુલો. A kind of flowers.

Hark, v. (હાર્ક) સાંભળો. Listen to, pay attention to

World, n. (૩વર્લ્ડ) દુનીઆ, જગત. Universe.

Hazel-nut, n. (હેઝલનટ) એક જાતનું ફળ. A kind of fruit.

Describe, v. (ડિસ્ક્રાઇબ) વર્ણન કરવું. Draw, explain; paint in words.

Crest, n. (ક્રેસ્ટ) કલગી. A plume of feathers.

Sparkles, v. (સ્પાર્કલ્સ) ચળકેછે. Twinkles.

Colours, n. (કલર્સ) રંગો. Hues, tints. L. color, colour.

Gold, a. (ગોલ્ડ) સોનાના રંગ જેવું Of a golden colour.

Purple, a. (પર્પલ) જાંબુડો. Red mixed with blue.

Scarcely, ad. (સ્કૅર્સલિ) કવચિત, કદાચજ. Seldom, hardly.

Begins, v. (બીગિન્સ) શરૂ થાયછે. Commences.

Groves, n. (ગ્રોવ્ઝ) ઝાડોની ઘટા. A small wood or cluster of trees with a shaded avenue.

Are alive, (આર એલાઇવ) ભરપુરછે, ભરેલાં હોયછે. Are full of.

Flash, v. (ફ્લૅશ) ચળકયા કરેછે. Sparkle.

Clad, p. p. (ક્લૅડ) શણગારેલા. Dressed, clothed.

Rainbow, n. (રેનબો) ઇંદ્ર ધનુષ્ય, વરસાદની કમાન. An arch of a circle consisting of various colours which appears in the rainy season.

Is never tired, કદાપી કંટાળી જતી નથી. Is never disgusted.

Picture, n. (પિક્ચર) ચિત્ર. A painting, a representation. L. pingo, I paint.

To hatch, pr. infi. (ટુ હૅચ) સેવવાને. To produce young from eggs.

Mate, n. (મેટ) નર. The male bird.

Springs, v. (સ્પ્રિંગ્સ) કુદકો મારેછે. Jumps.

Darts, v. (ડાર્ટસ) ઉડી જાયછે. Flies away.

Chooses, v. (ચુઝીસ) પસંદ કરેછે. Picks out.

Hovers, v. (હોવર્સ) પાંખ ફફડાવીને ઉડવું. Flutters.

Hardly, ad. (હાર્ડલી) કદાચજ. Scarcely.

And it is from this that she gets her name. અને આ ઉપરથી તેનું નામ ધું ધું કરતું પક્ષી પડયું છે.

Insects, n. (ઇન્સેક્ટસ) જીવડાં, જીવ જંતુઓ Very small creatures as flies. L. in and seco, I cut.

Hidden, p. p. (હીડન) છુપાયલાં, સંતાયલાં. Concealed.

Bottom, n. (બૉટમ) તળીઊં. The lowest part.

Spies. v. (સ્પાઇઝ) શોધી કાઢેછે. Finds out.

Darts her tongue, તેણીની જીભ ઘાલેછે. Throws her tongue.

Stick to, v. (સ્ટિક ટુ) વળગવું. Cling.

Sticky, a. (સ્ટિકી) ચીકણી. Adhesive, gluey.

As if it had been rubbed with glue, જાણે કે તેને સરસ લગાડયો હોય.

Glue, n. (ગ્લુ) સરસ. A viscous cement.

Swallows, v. (સ્વૉલોઝ) ગળી જાયછે. Devours.

Enough, a. (ઇનફ) પુરતાં. Sufficient.

Sips a little honey, જરાક મધ ચાટેછે. Drinks a little honey by draughts.

ઝાડના છાંયામાં ડાંખળીઓમાંની એકને છેડે એક ઘણોજ નાનો માળો લટકેછે. તે હવામાં હિલ્યા કરેછે, અને પીછાની માફક (તે) હલકો છે; કારણ કે તે મુખ્ય કરીને લીલ અને રૂવાંનો બનેલો છે. તે ઘણો સુખદાયક છે; અને વટાણાના દાણાના જેવા કદનાં અને બરફ જેવાં સફેદ ઘણાં નાનાં બે ઇડાં તેમાં છે.

એક પળ તપાસ કરો અને જે પક્ષીએ માળો બાંધ્યોછે તે કયું પક્ષી છે તે આપણે જોઇશું; કારણ કે તે માત્ર મધનો એક ગોટ ભરવા ગઈ છે. અંદર જોઇએ તો તે ઘણી ખુશનુમાં જગા (જણાય) છે. ફુલો હવાને ખુશબોદાર કરે છે. પેલી ગમ એક મોટું જંગલ છે; અને દરેક આકાર અને કદના અજાએબ જેવાં ફુલો આસપાસ સઘળે ઠેકાણે ઉગે છે કેટલાંક વાંદરાના જેવાં, કેટલાંક મધમાખના જેવાં અને કેટલાંક પતંગીઆનાં જેવાં છે. આ ફુલોને ઑર્ચિડસ કરી કહે છે. તેઓ ઈગ્લાંડમાં ઉગેછે. તેમાં માત્ર ફરક એટલોજ છે કે ગરમ દેશોમાં જેટલાં મોટાં થાય છે તેટલાં મોટાં થતાં નથી.

સાંભળો! તે પક્ષી આવેછે. તે આખી દુનિઆમાં સાથી નાનું પક્ષી છે. તેનું શરીર હેઝલના ફળના કરતાં વધારે મોટું નથી. પણ તેનાં પીછાં હું વર્ણન કરી શકું તેના કરતાંબી વધારે ખુશનુમાં દેખાવનાં છે. તેને તેના માથાં પર લીલી કલગી હોયછે કે જે તારાની માફક ચળકેછે. તેના શરીરપરના રંગો લીલા, સોનેરી, જાંબુરા છે. કયાં એક રંગનો છેડો આવેછે અને બીજો શરૂ થાયછે તે તમે કદાચજ કહી શકશો.

જો તમે આસપાસ નજર કરો તો આ નાનાં પ્રાણીઓમાંનાં વધારે તમે જોશો. તેઓને ધું ધું કરતાં પક્ષી કહેછે, અને ગરમ દેશોમાં રહેછે—હિંદુસ્તાનમાં તેમજ અમેરિકામાં

(રહેછે.) જંગલો અને છાંયડાવાળી જગ્યાઓ તેઓથી ભરેલી હોયછે. વરસાદની કમાનના સઘળા રંગોમાં સણગારેલાં તેઓ અંહી તહીં આસપાસ ચમક ચમક કર્યા કરેછે, તેઓને જોયા કર્યાથી આંખ કદી કંટાળી જતી નથી.

ચીત્રમાંનું ઘું ઘું કરતું પક્ષી પોતાનાં બચ્ચાં સેવવાને પોતાનાં ઈંડાંપર બેઠુંછે. જયારે માદા કંટાળી જાયછે, ત્યારે તે-ણીનો નર આવેછે અને તેની જગ્યા લેછે. તે વખતે તે કુદકો મારીને ઉપર જાયછે અને જંગલોમાં ઉડી જાયછે, કે જયાં જે કોઇ ફુલમાં મધ હોયછે તે ફુલ પસંદ કરેછે.

જે વખતે તે હવામાં ઉડેછે તે વખતે પોતાની પાંખો આસપાસ એટલી તો ઝડપથી હીલવેછે કે તમે કદાચજ તેઓને (પાંખોને) જોઇ શકો. જે વખતે તે ફુલ ઉપર ઉડેછે તે વખતે તેણીની પાંખો ઘું ઘું કરતો અવાજ કરેછે; અને તે પરથી તેનું નામ (ઘું ઘું કરતું પક્ષી કરી) પડયું છે.

પણ હવે તે જીવડાં વિશે વિચાર કરેછે (એટલે જીવડાં ખાવાનો વિચાર કરેછે). આ (જીવડાં) માંનાં ઘણાંક ફુલને તળીએ ભરાઇ રહેલાં હોયછે. તે જલદીથી તેઓને શોધી કાઢેછે, અને પોતાની લાંબી જીભ તેઓની વચે ઘાલેછે. કેટલાંક જીવડાં તેને વળગી આવેછે. કારણકે તે જીભ જાણે કે તેને સરસ લગાડયો હોય તેમ ચોંટી જાય તેવી હોયછે, તે જીવડાં તેણીના મોમાં ખેંચાઈ આવેછે; તે તેઓને ગળી જાયછે, અને પછી પોતાની જીભ બીજાં વધારે (પકડવાને) સારૂ બહાર કાઢેછે.

આ સઘળો વખત, તે ફુલ ઉપર ઉડેછે અને પોતાની પાંખથી ઘું ઘું કરતો અવાજ કરેછે. જ્યાંરે તેને પુરતાં જીવડાં મળેછે, ત્યારે થોડાંક મધનો ગોટ ભરેછે, અને પછી પોતાના માળા તરફ ઉડી જાયછે.

THE HUMMING-BIRD.

Fairy-like, a. (ફેરીલાઇક) અપ્સરા જેવું ખુબસુરત. As beautiful as a fairy.

Sunny, a. (સની) પ્રકાશીત, ચળકતાં. Bright, shining.

Delight, n. (ડીલાઇટ) આનંદ, ખુશાલી. Happiness. L. de and lacio I entice.

Radient, n. (રેડીઅંટ) પ્રકાશીત, ચળકતું. Shining, cheerful, sending out rays.

Islands, n. (આયલંડસ) ટાપુઓ, બેટ. Lands altogether surrounded by water. L. insula an island.

Fragrant, a. (ફ્રેગ્રન્ટ) ખુશબોદાર. Sweet-smelling.

Spices, n. (સ્પાઇસીસ) તેજાના, વસાણા. An aromatic substance as mace, pepper, ginger, &c.

Glancing, pr. p. (ગ્લૅન્સીંગ) ઝડપમાં ઉડતાં, Darting quickly like rays of light.

To and fro આમ તેમ. Backwards and forwards.

Flit, v. (ફ્લિટ) ઉડી જવું. Fly or flutter.

Palmetto, n. (પાલ્મેટો) એક જાતનું તાડનું ઝાડ. A kind of fan-palm found in the Southern States of America.

Fan-palm, n. (ફૅન પામ) એક જાતનું તાડનું ઝાડ. Palm trees with leaves like a fan.

Ancient, a. (એનશંટ) જુનું, અસલી. Old. L. antiquus, old.

Rears, v. (રીઅર્સ) ઉછેરેછે. Brings up.

Brood, n. (બ્રુડ) બચ્ચાં. Young ones, offsprings.

Slender, a. (સ્લેન્ડર) નાજુક. Very slight.

Campanero, n. (કૅમપૅનીરો) એક જાતનું પક્ષી. The bell bird of Guiana.
Waves, v. (ઉવેવ્ઝ) હીલેછે. Swings.
Light and free, (લાઇટ ઍન્ડ ફ્રી) સેહેલાઇથી. Easily, with ease.
Tolls, v. (ટોલ્સ) ગાયછે. Sings.
Rocks, v. (રૉક્સ) હીલેછે. Waves.
Mighty, a. (માઇટી) મોટું. Huge.
Crimson, u. (ક્રિમઝન) કીરમજી. of a very deep red colour.
Changeful, a. (ચેન્જફુલ) બદલાયા કરતી. Inconsistante
Peacock, n. (પીકૉક) મોર. The masculine of pea-hen.
Lowers, v. (લોવર્ઝ) આવેછે. Comes down, falls.
Leafless, a. (લીફલેસ) પાંદડાવનાનું, નિષ્પત્ર. Destitute of leaves.
Reign, n. (રેન) રાજ. Sovereignty. L. rex, a king.
Joyfulness, n. (જૉયફુલનેસ) ખુશાલી. Gladness.
For life, (ફૉર લાઇફ) તારી જીંદગાની સુધી. As long as you live.
Dew, n. (ડીઉ) દવ. A thin cold vapour.
Heaven, n. (હેવન) આકાશ, આસમાન. Sky.

પરીના જેવું ખુબસુરત અને ચળકતું ધું ધું કરતું પક્ષી! તે, એક સુખી પ્રાણી સુરજની ગરમીથી ઉગતાં ફુલોમાં રહેછે.

પૂર્વ તરફના તડકાથી પ્રકાશતા ટાપુઓ કે જ્યાં તેજાના ઉગેછે ત્યાં હજારો હજાર ધું ધું કરતાં પક્ષીઓ ઝડપથી અંહીથી તહીં ઉડતાં ફરેછે.

તેઓ કે જેઓ મધમાખ કરતાં કદાચજ મોટાં હોયછે તે તાડના ઝાડનાં પોહોળાં પાંદડાંઓમાં અને તાડનાં ઝાડનાં પંખા

જેવાં પાંદડાંઓમાં જીવતા આતશની માફક આસપાસ ઉડેછે.

ઘું ઘું કરતું પક્ષી પોતાનો માળો જુના જંગલમાં બાંધેછે, તેનો માળો રેશમ જેવાં ઘણાંજ નરમ રૂનો (હોયછે) અને પોતાના નાનાં બચ્ચાંઓને ઉછેરે છે.

જ્યારે મોટું ઝાડ હીલે છે અને જ્યારે ઘાંટના જેવો અ વાજ કાઢતું પક્ષી (કૅમપૅનીરો) પોતાનું ગીત ગાયછે, ત્યારે તે તેને એક નાજુક ડાંખલી ઉપર લટકાવેછે કે જ્યાં તે સહેલાઇથી હીલેછે.

તેની ચળકતી છાતી રાતા, રાતા ગુલાબના જેવી કીરમજી છે; મોરની ગરદન પર બદલાયા કરતો લીલો અને બલુ રંગ દેખાયછે તેવાજ બદલાયા કરતા બલુ અને લીલા રંગની તેની પાંખ છે.

ઘું ઘું કુરતાં પક્ષી તું સુખી, સુખી (છે), તારી આસ-પાસ શિયાળો પડતો નથી, તું પાંદડાં વગરનું ઝાડ કે મીઠી ફુલો વગરની જમીન કદી જોતું નથી.

ઉનાળાની ખુશાલીનું રાજ તારી જીંદગી સુધી તુંને આપેલું છે; તારો ખોરાક ફુલમાનું મધ (છે), (અને) તારૂં પીવાનું આકાસમાંનો દવ છે.

THE BOY WHO WAS ALWAYS TOO LATE.

Border, n. (બોરડર) કીનારી, કોર. Edge or outside.

New forest, ઇંગ્લન્ડની દક્ષીણ દીશાએ હૅમ્પશાયરમાં એક મોટું મેદાનછે. A wide plain in Hampshire in the south of England.

Wise, a. (વાઇઝ) ડાહ્યો, શાણો. Discreet and judicious.

Lazy, n. (લેઝી) આળસુ. Sluggish.

I shall never make a man of him, હું તેને કદી પણ માણસ તરીકે ગણીસ નહીં.

When he was about ten years old, જ્યારે તે દશ વર્ષનો થયો ત્યારે.

Planned, v. (પ્લૅન્ડ) ગોઠવણ કીધી, તદબીર કીધી. Devised, formed a design.

Picnic, n. (પિકનિક) મેજબાની, ઉજાણી. A feast in the open air.

Hired, v. (હાયર્ડ)ભાડે કીધું. Paid for the loan of.

Van, n. (વૅન) ગાડી. Carriage

To set out, pr. infi. (ટુ સેટ આઉટ) નીકલવું To start.

Awoke, v. (અવોક) જાગી ઉઠયો, Rose from sleep.

Get up. (ગેટ અપ) ઉઠવું. Rise.

I shall be down in plenty of time, મને નીચે જવાનો પુષ્કળ વખત મલસે.

Still, a (સ્ટીલ) મુગોમુગો. Silent, quiet, noiseless.

Party, n. (પાર્ટિ) ટોળી. Company. L. pars, partis, a part.

Rolled himself up, વિંટલાયા કીધો. Inwrapped himself.

Breakfast-room, નાસ્તો કરવાનો ઓરડો. The room in which the morning meal is taken.

Snatching, pr. p. (સ્નૅચિંગ) Seizing quickly.

Empty, a. (એમ્પટી) ખાલી. Vacant.

High wind, તોફાની પવન, Stormy wind.

Dust, n. (ડસ્ટ) ધુળ. Earth dried to powder.

Screamed, v. (સ્ક્રીમ્ડ) બુમ પાડી. Cried aloud.

Bawled, v. (બૉલ્ડ) મોટેથી બુમ પાડી. Called out loudly.

In vain, (ઇનવેન) ફોકટમાં. Without success. L. vanus, empty.
Choked, (ચોકડ) ગુંગલાઇ ગયેલું Suffocated.
Sulkily, ad. (સલકિલી) ગુસ્સામાં. Sullenly.
Cure, v. (ક્યૉર) સુધારવું. Improve. L. cura, care.
Grew up, નીવડ્યો. Turned out.
Business, n. (બિઝ્નેસ) ધંધા ચાકરીમાં. Trade, employment.
Coach, n. (કોચ) ગાડી. Carriage
Passed, પાસેથી જતી. Went by. L. passus, a step.
Hill, n (હિલ) ટેકરી. A natural elevation of land.

સૉલોમન ધીમો, એક ગ્રહસ્થ કે જે "નીઉ ફૉરેસ્ટની" કીનારીપર રહેતો હતો તેનો છોકરો હતો. તેની મા તેને સૉલોમન કરી કહેતી હતી કારણ કે તે કહેતી હતી કે "તે ડાહ્યો છોકરો છે; ધીમો અને ચોકસ હોય તે બરોબર કામ કરેછે."

તેના બાપે કહ્યું, "હા પણ તે ઘણોજ ધીમો છે; અને જ્યાંસુધી જરા વધારે ઝડપવાલો અને જરા ઓછો આલસુ થાય નહીં, ત્યાંસુધી હું તેને માણુસ તરીકેની કેળવણી આપી શકીશ નહીં."

જ્યારે તે આસરે દશ વરસનો હતો ત્યારે તેના બાપ અને થોડાક મિત્રોએ મેદાનમાં, ખુલ્લી હવામાં મેજબાની લેવાની ગોઠવણ કીધી, અને એક મોટી ગાડી તેઓને ત્યાં લેઈ જવાને સારૂં ભાડે કીધી હતી. તેઓ સહવારે સાત વાગે નિકળવાના હતા. સૉલોમન આ જાણતો હતો કારણ કે તેના બાપને આ પ્રમાણે કહેતો તેણે ગઈ રાતે સાંભળ્યો હતો. જ્યારે સુરજ ઘણા, તેજથી પ્રકાશતો હતો ત્યારે બીજી સહવારે તે છ વાગે ઉઠયો. પણ તે ઘણોજ આળસુ હતો. તેણે કહ્યું. "જો સાતમાં આસરે દશ મીનીટ ઓછી હશે ત્યારે ઉઠીશ તો મને નિચે જવાનો ઘણો

વખત મળશે." તેથી તે મુગો મુગો બીછાનામાં પડી રહ્યો, અને સઘળા જણા જ્યારે તેઓ નિચે ગયા ત્યારે તેના બારણા આગળથી થઈ ને ગયા તેઓને તેણે સાંભળ્યા.

તેઓએ તેને બોલાવ્યોબી હતો પણ તેણે જવાબ નહીં આપ્યો, અને માત્ર આળસાઈથી કપડાંમાં વિંટલાયા કીધો આખરે તે કુદીને ઉઠયો. તેણે કપડાં પેહેર્યાં અને નિચે દોડી ગયો, પણ તેણે નાસ્તો ખાવાનો ઓરડો ખાલી જોયો અને તે ગાડી ચાલી ગયલી હતી.

પોતાની ટોપી ઝડપથી લેઈ ને, તેનાથી બની શક્યું તેટલી ઝડપથી તે રસ્તાપર દોડયો, પણ જબરો પવન ફુંકતો હતો, અને દરેક ઠેકાણે વાદળાંની માફક ધુળ ઉડતી હતી. તેણે તે ગાડી થોભાવવાને સારૂ મોટી બુમો પાડી; પણ સઘળું ફોકટ ગયું. કોઇ તેને સાંભળી શક્યું નહીં; અને આખરે દોડવાથી થાકી જવાને લીધે અને ધુળથી અર્ધો ગુંગળાઇ ગયલો તે ગુસ્સામાં ઘેર ચાલી ગયો.

પણ આથીબી તે સુધર્યો નહીં. તે એક આળસુ છોકરો હતો અને એક આળસુ માણસ નીવડયો; અને જ્યારે ધધે કે ચાકરી જતી વખતે જો કે તેના બારણા પાસેથી દરરોજ ગાડી જતી હતી તોપણ તે કદાચજ તૈયાર રેહેતો હતો. ટેકરીપર દોડતો જતો અને "ઉભી રાખ. ઉભી રાખ" એમ બુમ પાડતો માત્ર ચીત્રમાં તેને જુઓ.

THE SAILOR AND THE MONKEYS.

Sailor, n. (સેલર) ખલાસી. A sea-man, mariner.
Ashore, ad. (ઍશોર) કીનારે. On the shore.
For sale, (ફૉર સેલ) વેચવાને માટે. To sell.
On his way to a town, શેહેરમાં જતાં.
Distance, n. (ડિસ્ટન્સ) છેટું, આઘું. Remoteness
L. di and sto, I stand.

He had to pass through a forest, તેને એક જંગલ માંથી જવું પડયું. He was obliged to go through a wood.
Troops, n. (ત્રુપ્સ) ટોળાં. Great numbers.
Climbing, pr. p. (ક્લાઇમબિંગ) ઉપર ચઢતાં. Ascending.
Right over head, બરોબર માથાં ઉપર. Exactly over the head.
Shelter, n. (શેલ્ટર) છાંયડો, આશરો. Refuge.
Burning rays, તપી જતાં કીરણો. Hot beams.
To rest, pr. inf. (ટુ રેસ્ટ) આરામએશ લેવી. To repose. L. re, and sto, I stand.
Bundle, n. (બન્ડલ) ગાંસડી, પોટલી. બીંદડી. A number of things bound to gether
Fell fast asleep, ભર ઊંઘમાં પડયો. Was overtaken by sound sleep.
Utter, a. (અટર) ઘણીજ, Very great, extreme.
Amazement, a. (ઍમેઝમેન્ટ) અજાએબી, આશ્ચર્યતા. astonishment.
Unusual, a. (અનયુઝવલ) અસાધારણ, Not often heard.
Chattering, n. (ચૅટરીંગ) દાંત કકડાવવા. Noise made with the teeth.
Dense, a. (ડેન્સ) ધીચ. Thick, closely set.
Drew his attention, તેનું ધ્યાન ખેંચ્યું. Attracted his notice. L. ad and tendo, I stretch.
Mimics, n. (મિમિક્સ) નકલ કરનારા. Imitators.
Proceedings, n. (પ્રોસીડીંગ્સ) કામ. On-goings, what he did L. pro, and cedo, I go.
Stolen, (સ્ટોલન) ચોરાએલી. Robbed.

Adorned, v. (ઍડૉર્ન્ડ) શણગાર્યાં. Decorated. L. ad and orno, I deck.

Pates, n. (પેટ્સ) માથાં, ટાલકાં. The heads.

Booty, n. (બૂટી) લુટ. Plunder, what they had stolen.

Heed, n. (હીડ) ધ્યાન. લક્ષ. Attention.

Shouts, n. (શાઉટ્સ) પોકારો. Acclamations.

Grinned, v. (ગ્રિન્ડ) દાંત પીસ્યા અથવા કકડાવ્યા. Showed the teeth set together.

Rage, n. (રેજ) ગુસ્સો. Anger. L. rabo, to rave.

Attempt, n. (ઍટેમ્પ્ટ) કોશેસ. Effort. L. ad, and tento, I try.

Fruitless, a. (ફ્રુટલેસ) વ્યર્થ, ફોગટ. Unsuccessful. L. fruor, I enjoy.

Thieving rogues. (થીવિંગ રોગ્ઝ) લુચ્ચા ચોરો. Tricky fellows.

Surprise, n. (સરપ્રાઇઝ) અજાણ્યેણી, આશ્ચર્યતા. Wonder L. super, and prehendo, I take.

Snatched, v. (સ્નેચ્ડ) ખેંચી લીધી. Took off.

Threw it on the ground. જમીન ઉપર ફેંકી.

Regained, v. (રિગેન્ડ) પાછી મેળવી. Got back.

Marched off. (માર્ચ્ડ ઑફ) કુચ કરી ગયો. Went away.

In triumph, n. (ઇન ત્રાયમ્ફ) ખુશાલીમાં, હર્ષમાં, with great joy af his success. L. triumphus, a triumph.

એક ખલાસી એક વખત દક્ષિણ અમેરિકાના કિનારાપર ગયો હતો, તેની પાસે રાતી ઉનની ટોપીઓની એક સંખ્યા વેચવાની હતી. કિનારાથી થોડેક તફાવતે શેહેરમાં જતી વખતે તેને

એક જંગલ વટાવીને જવું પડયું હતું, કે જે જંગલમાં વાંદરાઓનાં ટોળાં દરેક ઠેકાણે ઝાડોપર ચઢતાં નજરે પડતાં હતાં.

બપોરના જ્યારે સુરજ બરોબર માંથાપર આવ્યો હતો, ત્યારે તે ખલાસીને તપી જતાં કીરણોથી બચવાને છાંયડો લેવાનો હતો. એક મોટા ઝાડના છાંયડામાં તે આરામ લેવા સુતો હતો. પોતાની બીંદડીમાંથી એક ટોપી બાહેર કાઢીને તેણે પોતાના માંથાપર પેહેરી, અને તરતજ ભર ઊંઘમાં પડયો.

જ્યારે તે ઉઠયો ત્યારે તેની ઘણીજ અજાએબી વચે તેને માલમ પડયું કે સઘળી ટોપીઓ જતી રહેલી હતી. પોતાની ઉપરની ગીચ ડાંખલીઓમાં ઘણાજ અસાધારણ દાંત કકડાવાના કીચકીચ કરતા અવાજ તરફ તેનું ધ્યાન ખેંચાયું. ઉપર જોતાં, તેણે તે ઝાડ વાંદરાઓનાં ટોળાંથી ભરેલું જોયું, અને દરેક વાંદરાના માંથા ઉપર એકેક રાતી ઉનની ટોપી હતી.

તે નાના નકલ કરનારાઓએ તેણે જે કીધું તે બરાબર જોયું હતું, અને જ્યારે તે સુતો હતો ત્યારે તેની ટોપી ચોરીને પોતાની લુટથી પોતાના કાળાં ટાળકાં સણગાર્યા હતાં. તે વાંદરાઓએ તેના પોકારોની દરકાર કીધી નહીં (એટલે બીધા નહીં) પણ તેના ગુસ્સા તરફ માત્ર પોતાના દાંત કચકચાવ્યા.

પોતાની ટોપી પાછી મેળવવાની દરેક યુક્તી વ્યર્થ ગયલી જોઇને, એક (ટોપી) કે જે પોતાના માથાપર પેહેરેલી હતી તે કાઢી નાખી, અને તે જમીન ઉપર નાંખી મોટેથી બોલ્યો કે "તમે નાના લુચ્ચા ચોરો, જો તમે બાકીની ટોપી રાખો, તો આ આંહીંઆ એક છે તેબી રાખો."

આ તેણે કીધું કે તરતજ તેની ઘણી અજાએબી વચે તે નાના જનાવરોએબી એકદમ તેજ પ્રમાણે કીધું. દરેક જણે પોતાના માંથાપરથી ઝડપથી ટોપી કાઢીને તે જમીન ઉપર નાંખી. તે ખલાસીએ પોતાની સઘળી ટોપી પાછી મેળવી અને જય હર્ષમાં કુચ કરી ગયો.

THE VOICE OF SPRING.

Spring, n. (સ્પ્રિંગ) વસંત ૠતુ. The vernal season.
Maiden n. (મેડન) કુમારીકા. Maid, virgin.
Pleasant, a. (પ્લેઝંટ) ખુશનુમાં. Delightful, pleasing.
Sunshine, n. (સનશાઇન) સુરજનો તડકો. The light of the sun.
Laden, pt. p. (લેડન) સહીત, લાયેલું. Loaded, burdened.
Blossom, n. (બ્લૉસમ) મોહોર. The flower of a plant.
Brief, a. (બ્રીફ) ટુંકો. Short.
Hark, interj. (હાર્ક) સાંભળો. Listen to.
Is humming, v. (ઈઝ હમીંગ) ગણુ ગણુ કરેછે. Is buzzing.
Lark, n. (લાર્ક) ચંડોળ પક્ષી. A small singing bird.
Soaring, p. p. (સોરીંગ) હવામાં ઉડતી Mounting on the wing.
Gnats, n. (નૅટસ) મચ્છર, ડાંસ. Very small insects.
Wheeling, pr. p. (વ્હીલિંગ) ગોળ કુંડાળામાં ઉડતી. Flying in a circle.
Ring, n. (રીંગ) કુંડાલું Circle.
Catkins, n. (કૅટકીન્સ) એક જાતના ફુલો. A kind of flowers in shape like a cat's tail growing on willows and other trees.
Slender, a. (સ્લૅન્ડર) પાતળું, નાજુક. Thin, delicate.
Willows, n. (વિલોઝ) ઝાડના નામછે. A kind of tree.
Banks, n. (બૅંકસ) કિનારા. Shores.
Primroses, n. (પ્રીમરોઝીસ) એક જાતના ફુલ. A kind of flowers.

Clustering, n. (કલસ્ટરીંગ) જુમખાબંધ. Growing in bunches.
Violets, n. (વાયોલિટ્સ) એક જાતના ફુલો, A kind of flowers.
Blow, (બ્લો) ખીલવું. Bloom, put forth flowers.
New-born, a. (ન્યુબૉર્ન) તરતના જનમેલા. Lately born.
Are bleating, બેં બેં કરેછે. Are crying like lambs.
Cawing, a. (કૅાઇંગ) કોકો કરતાં. Crying like rooks.
Rooks, n. (રૂક્સ) કાગડા, Crows.
Elms, n. (ઍલ્મસ) એલ્મના ઝાડો. The name of a tall timber tree.
Loud, a. (લાઉડ) મોટેથી, તાણીને. Noisily, clamorously.
Dances, v. (ડૅન્સીસ) કુદેછે. Leaps, jumps.
Abound, v. (અબાઉંડ) પુષ્કળછે. Are plentiful.
Running stream, (રનીંગ સ્ટ્રીમ) વેહેતો ઝરો.
Orchard, n. (ઑરચર્ડ) ફળબાગ. Garden of fruit trees.
Promises, v. (પ્રૉમીસીસ) અગમચેતી આપેછે. Assures.
Melodies, n. (મૅલડીઝ) મધુર ગાયનો. Sweet songs.
Clothed, v. (કલોધડ) ઢાંકી નાંખી. Covered.
Cleared, v. (કલીઅર્ડ) સ્વચ્છ બનાવ્યું. Made Clear.
Pleasure, n. (પ્લેઝર) સુખ. Gratification.
Pour thy soul in gratitude, આભાર માન. Be grateful, L. gratus, thankful.

નાની કુમારિકા, ખુશનુમા તડકાને, મધમાખને સારૂ મધને, ઝાડોને સારૂ મોહોરને, ફુલ અને મ ાંદડાંને લઈ હું આણીશું: જ્યાંસુધી હું આઉછું ત્યાંસુધી વખત ટુંકો હોયછે.

હું આણીશું, હું આણીશું! સાંભળ! તે નાની મધમાખ ગણ ગણ કરેછે; જુઓ! તે ચંડોલ પક્ષી, ચળકતાં અને તડ-

કાંળાં આકાશમાં ઊંચે ઉડેછે, અને હવાના કુંડાળામાં મચ્છરો આસપાસ ઉડેછે.

જુઓ ! પીળાં કૅટકિન્સ ફુલો નાજુક વિલોની ઉપર ઢાંકણુ કરેછે; અને લીલવાળા કીનારાપર તારા જેવા પ્રિમરોઝ ફુલો દેખાયછે; અને તેઓનાં જુમખાબંધ પાંદડાં તળે સફેદ અને જાંબુડા વાયોલેટ ફુલો ખીલેછે.

સાંભળો ! તરતનાં જન્મેલાં મેંઢાંઓ બેં બેં કરેછે; અને કાકા કરતા કાગડાઓ એક ઘોંઘાટ કરતું ટોળું થઈને એલમના ઝાડપર એકઠા થાયછે. સઘળાં પક્ષીઓ મોટેથી ગાયછે, અને પેહેલું થયલું પતંગીઉં તડકાંમાં નાંચેછે.

તારી આસપાસ જો—આસપાસ જો ! સઘળાં ખેતરોમાં ફુલો પુષ્કળ છે; દરેક વેહેતું નાળું ચળકેછે; મેવાના બાગનાં સઘળાં ઝાડો સફેદ છે, અને દરેક નાની અને હાલતી ડાંખલીઓ મીઠાં ફુલ અને ફળની અગમચેતી આપેછે.

તારી નજર જમીન અને આકાશ તરફ ફેરવ, ઈશ્વરે વસંત રૂતુ તુંને બક્ષીછે, તારી મઝા અથવા તારા ખોરાક સારૂં પક્ષીઓને તેઓનાં ગાયણો (ગાતાં) શિખવ્યુંછે, પૃથ્વીને ઢાંકીછે, અને આકાશ સાફ રાખ્યુંછે.—(એ સર્વ વાસ્તે) તું (ઈશ્વરનો) આભાર માન.

THE WONDERFUL PUDDING.

Pudding, n. (પુડીંગ) એકજાતની ખાવાની ચીજ. A species of food.

Asked us to dinner, અમને બપોરના ખાણાને માટે બોલાવ્યા. Invited us to dinner.

Materials, n. (મૅટીરીઅલ્સ) ચીજો. The things it was made of. L. materia, matter.

Church, n. (ચર્ચ) દેવળ. A house consecrated to the worship of God among Christians.

Prepared to go, જવાની તૈયારી કીધી. Got ready to go. L. pre and paro, I prepare.
Were surprised, અજાએબ થયા, Were astonished, Were in a state of wonder. L. super and prehendo, I take.
Calm, a. (કામ) શાંત. Placid, still.
As usual, હમેશની માફક. As at the ordinary time.
We sat down to table, હમે જમવાને બેઠા.
(Were) removed, v. લઇ જવામાં આવી. Taken away.
Eagerly, ad. (ઇગરલી) આતુરતાથી. With great interest, anxiously.
Usual, a. (યુઝવલ) સાધારણ. Common, ordinary.
Kind, n. (કાઇન્ડ) જાત. Sort.
Not a bit larger, જરાપણ મોટું નહીં. Not at all larger.
Promised, v. (પ્રૉમીસ્ડ) આપવા કહ્યું હતું. Said to give. L. pro. and mitto I send.
Mean, v. (મીન) મતલબ હોવી, અભિપ્રાય હોવો. Intend.
To count, pr. inf. (કાઉન્ટ) ગણવું. To reckon. to calculate. L. con, and puto, to clear up.
Workmen, n. (ઉવર્કમેન) કારીગરો. Labourers.
Flour n. (ફ્લૉર) ઘઉંનો લોટ. The finest part of wheat-corn. L. flos, a flower.
To procure, pr. inf. (ટુ પ્રોક્યૉર) મેળવવું. To obtain, to get. L. pro and cura, care.
Have laboured, મેહેનત કીધીછે. Have exerted their powers of body. L. labor, labour.
Ploughed. v. (પ્લાઉડ) ખેડી. Cultivated tilled.
Sowed, v. (સોડ) રોપણી કીધી, વાવ્યું. Scattered

seed for the production of a crop.

Harrowed. v. (હૅરોડ) દાંતાલો ફેરવ્યો. Broke the earth with a harrow.

Reaped, v. (રીપડ) કાપણી કરી. Cut with a sickle.

Miners, n. (માઇનર્સ) ખાણ ખોદનારા. Those who work in the mines.

Smelters, n. (સ્મેલ્ટર્સ) લોઢું ગાળનારા. Men who melt the iron ore to get the iron.

Smiths, n. (સ્મિથ્સ) લુહારો. Those who work in metals.

Wood-cutters, n. (વુડ કટર્સ) કઠીઆરા. Persons who cut wood.

Sawyers, n. (સૉયર્સ) કરાઈ, લાકડાં વેહેરનારા. One who saws timber, into boards or planks.

Leather, n. (લેધર) ચામડું. The skin or covering of an animal.

Harness, n. (હારનેસ) ઘોડાનો સામાન. The furniture of a horse.

Tanned, v. (ટૅન્ડ) ચામડું સોરીને તૈયાર કીધું. Converted into leather.

Mill, n. (મીલ) ઘંટી. An engine or machine for grinding.

Quarried, v. (ક્વૉરિડ) ખાણમાંથી ખોદી કાઢયા. Dug from a quarry.

Plums, n. (પ્લમ્સ) ખીસમીસ, બેદાણા. Dried grapes.

Lemon peel, (લેમનપીલ) લીંબુની છાલ. The rind of a lemon.

Distant, a. (ડીસ્ટન્ટ) દુરના. Remote. L. di and sto, I stand.

Hither, ad. (હિધર) અહીંઆં. To this place.
Ship-builders, વાહાણો બનાવનાર. Those who build ships.
Sail-makers, સડ બનાવનાર. Those who make sails.
Grocers, n. (ગ્રોસર્સ) ગાંધીઓ. Druggists.
Have been employed, કામે લગાડયા. Have been engaged, have been made use of.
Suet, n. (સ્વૅટ) ચરબી. Fat.
Reckoned, v. (રેકન્ડ) ગણ્યા. Counted, taken into account.
Cook, v. (કુક) રાંધવું. To prepare as food for eating.
Sauce-pan, n. (સૉસ પૅન) હાંડી. A pan to prepare sauce.
Linen, n. (લીનન) સણ. Cloth made of hemp or flax.
Was wrapped, v. (વૉઝ રૅપ્ડ) વિટાળ્યું હતું. Was folded.
Card, v. (કાર્ડ) પીંજવું. To comb or open, wool, flax, hemp with a card.
Spin, v. (સ્પિન) સુતર કાંતવું. To draw out and twist into threads, as wool, cotton, flax, &c.
Weave, v. (ઉવીવ) વણવું. To form into a web.
Looms, n. (લુમ્સ) સાળ. Weaving machines.
Machines, n. (મશીન્સ) સાંચાઓ. Instruments of force. L. machina, a machine.
Satisfied v. (સૅટીસ્ફાઇડ) શંતોષ પામ્યો. Gratified, pleased. L. satis enough and facio, I do.
Employed, v. (ઍમ્પલૉયડ) કામે લગાડયા. Engaged. L. in and plico I fold.

હમારા કાકા રોબર્ટ એક દહાડો હમારી પાસે આવ્યા

અને હમને બપોરના ખાનાને માટે બોલાવ્યા; તેણે કહયું "હું તમુને પુડીંગ આપીશ, કે જેની ચીજો બનાવવાને માટે હજારો કરતાં વધારે માણસો કામે લાગા હતાં.

"પુડીંગ કે જેને પોતાને બનાવવાને હજારો માણસો રોકમાં હતા! ત્યારે તે એક દેવળના જેવું મોટું હોવું જોઈએ."

રોબર્ટ કાકાએ કહયું "વારૂં મારા છોકરાઓ, કાલે ખાનાની વખતે તમે તેને જોશો.

બીજે દીવસે અમે અમારો નાસતો કીધો નહી એટલામાંતો અમે અમારા કાકાને ઘરે જવાની તૈયારી કીધી.

જ્યારે અમે ત્યાં જઈ પોહોચ્યાં ત્યારે અમે દરેક ચીજ હમેશાંની માફક શાંત અને ચુપ જોઈને અજાયેબ થયા.

છેલે સરવાળે અમો જમવાને બેઠાં.

પેહેલી રકાબીઓ લઈ જવામા આવી—અમો આતુરતાથી બારણા તરફ તીકીતીકીને જોવા લાગ્યાં—અંદર પુડીંગ આવ્યું! તે સાધારણ જાતનું પહ્મ પુડીંગ હતું—જરાપણ મોટું નહીં.

મારા ભાઈએ કહ્યું 'જે પુડીંગ તમોએ અમને આપવા કહ્યું હતું તે આ પુડીંગ નથી."

કાકા રોબર્ટે કહ્યું "ખરેખર તે તેજ છે."

"અરે કાકા! તમારી કેહેવાની મતલબ એવી નહી કે એક હજાર કરતાં વધારે માણસોએ આ નાનું પુડીંગ બનાવવાને મદદ કીધીછે."

કાકા રોબર્ટે કહ્યું "મારા છોકરા એમાનું થોડું પેહેલાં ખાવો અને ત્યાર પછી તમારી સ્લેટ અને પેનસીલ લેવો અને કારીગરો ગણવાને મને મદદ કરો.

કાકા રોબર્ટે કહ્યું "હવે આ પુડીંગ બનાવવાને આપણને પેહેલાંતો ઘંઉનો લોટ જોઈએ, અને કેટલાં લોકોએ તે મેળવવાને મેહેનત કીધી જોઇએ જમીન ખેડવી જોઇએ, રોપણી કીધી જોઇએ, દાંતાલો ફેરવ્યો જોઇએ અને કાપણી કરી જોઇએ. હળ કરવાને, ખાણ ખોદનારાઓ, લોઢું બનાવનારા-

ઓ અને લુહારો—કઠીઆરાઓ, લાકડાં વેહેરનારાઓ અને સુતારો કામે લાગેલાં હોવા જોઇએ. ઘોડાને માટે સામનનું ચામડું, સામન બનાવનારને માટે સોરીને તૈયાર કરવામાં આવ્યું હતું. ત્યાર પછી 'ઘંટીના બાંધનારાઓ છે અને જે માણસોએ ઘંટીના પથરા ખાણમાંથી ખોદી કાઢ્યાં અને ઘંટીના સાંચા કામ બનાવ્યું તે છે. ત્યારબાદ ખીસમીસ, બેદાણાં, લીંબુંની છાલ, મસાલો અને ખાંડ એનો વીચાર કરો;—આ સઘળી ચીજો દુરના મુલકોમાંથી આવેછે. અને તે ચીજોને અહીંઆ લાવવાને વાહણો, વાહાણના બાંધનારાઓ. સડ બનાવનારાઓ, ખલાસીઓ, વેપારીઓ અને ગાંધીઓ કામે લગાડયા છે. જ્યારે આપણને ઇંડાં, દુધ, અને ચરબીની જરૂર છે.

મે કહ્યું "અરે કાકા થોભો' થોભો, "મારી ખાતરી છે કે તમોએ એક હજાર ગણ્યાછે.

મારા છોકરા મેં સઘળાં ગણ્યાં નથી. આપણને પુડીંગને રાંધવું જોઇએ અને ત્યાર પછી આપણને ખાણમાંથી કોલસા ખોદી કાઢનારાઓ જે આપણને કોલસા લાવી આપેછે તેઓને અને ખાણ ખોદનારાઓ જે કલઇ અને લોખંડ પેણાને માટે ખોદી કાઢેછે તેઓને ગણવા જોઇએ. ત્યાર પછી જે કપડામાં તેને વિટાળવામાં આવેછે તેનું સણ છે. આ બનાવવાને આપણને જે પુરૂષો સણ ઉગાડેછે, એકઠું કરેછે, પીંજેછે, કાંતેછે, વણેછે, અને સઘળા કામદારો જે સાળ અને સાંચાઓ બનાવેછે તેને ગણવા જોઇએ.

રોબર્ટે અને મેં બન્નેએ કહ્યું કે અમારી પુરતી ખાતરી થઇછે જે હજારો કરતાં વધારે માણસો કામે લાગેલાંછે.

TOO FAST. (ELLIPTICAL.)

Travellers, n. (ટ્રૅવેલર્સ) મુસાફરો. Those who visit foreign countries.

Were robbed, v. (વેર રૉબ્ડ) લુટાયા હતા. Were

stripped, unlawfully.
Tied, v. (ટાઇડ) બાંધ્યાં. Fastened, Bound.
Despair, n. (ડિસ્પૅર) નિરાશા, આશાભંગ. Hopelessness. L. de and spera, hope.
Exclaimed, v. (એક્સક્લેમ્ડ) બોલી ઉઠયો. Called out loudly. L ex and clamo, I cry out.
I am undone, (અનડન) મારો નાશ થયો. I am ruined.
Joyfully, ad. (જૉયફુલી) ખુશાલીમાં. Cheerfully.
Undo, v. (અનડુ) છુટા કરવું. છોડવવું. Set free.

એ મુસાફરોને જંગલમાં લુટયાં હતા અને ઝાડની સાથે બાંધ્યાં હતાં. તેમાનો એક નાશીપાશીમાં બોલી ઉઠયો—અરે મારો નાશ થયો.

બીજાએ ખુશીથી કહયું " શું તમારો નાશ થયો છે ત્યારે હું ઇચ્છુછું જે તમો મને છુટો કરશો.

STORIES OF THE ELEPHANT.

Ceylon, n. (સીલોન) હિંદુસ્તાનની દક્ષીણમાં એક ટાપુછે. A large island in Asia, south of India.
Herds, n. (હર્ડ્ઝ) ટોળાં. Flocks.
Tamed, v. (ટેમ્ડ) પાળ્યા. Made gentle or domestic.
